## બોટાદના મહે.એડી. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ.બોટાદ

ફોજદારી કેસ નંબર : ૫૬૫૨/૨૦૨૬

**–: <u>પ્લી લગત હુકમ</u> :–**

**ગુન્હો :– એમ.વી.એક્ટ કલમ ૧૮૫ તથા પ્રોહી.ની કલમ –૬૬(૧)(બી) મુજબ**

**** ચુકાદો ****

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ મોજે બોટાદ ખાતે ગે.કા.વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં પોતાના કબજા ભોગવટાનું વાહન ચલાવી મળી આવી, તમો આરોપીએ એમ.વી. એક્ટ કલમ –૧૮૫ તથા પ્રોહી.ની કલમ –૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતાં આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે આરોપીએ કરેલી કબુલાતએ કોઇના દાબ, દબાણ વિના સ્વખુશીએ કરેલ હોય તે નહિ માનવા માટે મને કોઇ કારણ જણાતુ નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકિકત અને સજાની જોગવાઇ જોતા આરોપી દ્વારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, નટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં. તેમજ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**** <u>હુકમ</u> ****

આ કામના આરોપીને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૫ હેઠળ એમ.વી. એક્ટ કલમ –૧૮૫ તથા પ્રોહી.ની કલમ – ૬૬(૧)(બી) મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુ. ૨૦૦૦/– ( અંકે રુ.બે હજાર પુરા ) પુરાનો દંડ, જો દંડ ન ભરે તો દિન – ૧૦ ની સાદિ કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે માલીકની ખરાઇ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે

હુકમ આજ રોજ તા. ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ના રોજ વાંચી,સંભળાવી નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬

સ્થળ :– બોટાદ

**( એન.એચ.શેખ )**
**એડી. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**બોટાદ**
**કોડ નં. જીજે ૦૦૮૬૩**

દંડની રકમ રૂ.૨૦૦૦ × ૧ (આરોપી) = ૨૦૦૦/– (અંકે રૂ. બે હજાર પુરા) પહોંચ નં............ દ્રવારા વસુલ લીધા.

તા.૧૪/૦૩/૨૦૨૬

નાઝર